આંજણાના એમ્બ્રોઈડરી ખાતામાં એર કોમ્પ્રેસર તૂટીને યુવકના માથા પર ઝીંકાયું, સ્થળ પર જ મોત

ખાતામાં ત્રીજા માળેથી લિફ્ટમાં એર કોમ્પ્રેસર ટેન્ક ઉતારવાની કામગીરી દરમિયાન અચાનક લિફ્ટ તૂટતાં કોમ્પ્રેસર નીચે પડ્યું

સુરતઃ આંજણા ફાર્મ વિસ્તારમાં આવેલ જય ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં એમ્બ્રોઈડરીના ખાતાની લિફ્ટમાં સોમવારે સવારે એર કોમ્પ્રેસર ટેન્ક ઉતારવાની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન લિફ્ટ તૂટી ગઈ હતી. જેથી તે એર કોમ્પ્રેસર ટેન્ક બે યુવકો પર પડી હતી. તેમાં એકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ ભયંકર ઘટનાથી આંજણા વિસ્તારના કારીગરોમાં ફફડાટ ફેલાયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર સલાબતપુરા પોલીસની હદમાં આવતા આંજણા ફાર્મ ખાતે જય ઇન્ડસ્ટ્રીયલ વિભાગ-1માં આવેલ એમ્બ્રોડરીના ખાતામાં રહેતો લલન રામવૃદ્ધ મિશ્રા (30 વર્ષ) ત્યાં જ નોકરી પણ કરતો હતો. સોમવારે સવારે ખાતામાં ત્રીજા માળેથી લિફ્ટમાં એર કોમ્પ્રેસર ટેન્ક ઉતારવાની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન લલન અને ટેમ્પો ચાલક પારસ જેઠાલાલ માલી (40 વર્ષ) ત્યાં નીચે ઊભા રહીને અન્ય કામ કરી રહ્યા હતા. ત્યારે અચાનક લિફ્ટ અર્ધ વચ્ચેથી તૂટી ગઈ હતી. જેથી લિફ્ટમાં મુકેલી એર કોમ્પ્રેસર ટેન્ક ઉપરથી નીચે પડી હતી. તે ટેન્ક લલનના માથા ઉપર પડી હતી. જેથી તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. તેમજ પારસને ગંભીરઈજા થતાં 108 એમ્બ્યૂલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

શિક્ષણમંત્રીના મત વિસ્તારમાં જ વિદ્યાર્થીઓ ખુલ્લામાં ભણવા મજબૂર: શિક્ષણ સમિતિના વિપક્ષી નેતાના આક્ષેપો

શાળાઓમાં ક્લાસરૂમો જ નથી: શિક્ષણ સમિતિના વિપક્ષી નેતા રાકેશ હિરપરા

સુરતઃ રાજયના શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનશેરિયાના મતવિસ્તારમાં સેંકડો સ્કૂલ્સમાં કલાસરૂમના અભાવે વિદ્યાર્થીઓને ખુલ્લામાં બેસી ભણી રહ્યા હોવાના આક્ષેપ શિક્ષણ સમિતિના વિપક્ષી નેતા દ્વારા કરવામાં આવ્યા છે.

શિક્ષણ સમિતિના વિપક્ષ નેતા અને 'આપ'ના પ્રદેશ મહામંત્રી રાકેશ હિરપરાએ કરેલા આક્ષેપોમાં જણાવ્યું છે કે, થોડા સમય અગાઉ સુરત મહાનગર પાલિકામાં નવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેની સાથે આ વિસ્તારની શાળાઓ પણ શિક્ષણ સમિતિ હસ્તક આવી ગઈ હતી. આ વિસ્તાર ખુદ રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાનો છે.

ખુદ શિક્ષણમંત્રીના મતવિસ્તારમાં આવેલી કેટલીક શાળાઓની પરિસ્થિતિ એટલી ખરાબ છે કે બાળકો માટે ખંડની જ વ્યવસ્થા નથી એટલે તેમને બહાર બેસાડીને અભ્યાસ કરાવવો પડે છે.

ઉમરા, ભરથાણા, વેલંજા, બંગર, અબ્રામા, લસકાણા, ભાદા જેવા વિસ્તારમાં આવેલી શાળાઓમાં ઓરડાની સંખ્યા જરૂરીયાત કરતાં ઓછી છે. જેને કારણે બાળકોને બહાર બેસાડવા પડે છે અથવા તો એક વર્ગમાં એકથી વધુ ધોરણના બાળકોને બેસાડવા પડે છે. કેટલીક શાળાઓમાં તો કોમ્પ્યુટર લેબમાં તો કેટલીક શાળાઓમાં આચાર્યના રૂમમાં બાળકોને ભણાવવા પડે છે. તો કેટલી શાળાઓમાં તો બાળકો લોબીમાં બેસીને ભણે છે.આચાર્યો ઉપર શાસકોનું એટલું દબાણ છે કે આચાર્યો રજૂઆત પણ નથી કરી શકતાં. શિક્ષકો અને આચાર્યો જો વિપક્ષ અથવા મીડિયાને રજૂઆત કરે તો સત્તાધિશો તેમને કોઈને કોઈ પ્રકારે હેરાન કરે છે. તેમણે શિક્ષણ મંત્રીને લખેલા પત્રમાં વધુમાં જણાવ્યું છે કે, તમામ શાળાનો સર્વે કરી જ્યાં ઓરડાની ઘટછે ત્યાં તાત્કાલિક ઓરડા બનાવવામાં આવે અને શિક્ષકો તેમજ આચાર્યો ઉપર કરવામાં આવતું અનૈતિક રાજકીય દબાણ દૂર કરવામાં આવે.

સિટી સ્કેન કરતી વખતે મશીનમાં બેભાન થતા 6 વર્ષની બાળકીનું મોત

સ્કેન કરતી વખતે વધુ ઈન્જેક્શન અપાતા મોતના પરિવારના આક્ષેપો

બાળકીનું નવી સિવિલ હોસ્પિ.માં ફોરેન્સિક પીએમ કરાયું

સુરતઃ સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈને આવેલી ભરૂચની 6 વર્ષની બાળકીનું સિટી સ્કેન સેન્ટરમાં સિટી સ્કેન કરતી વખતે મશીનમાં બેભાન થયા બાદ મોત નીપજ્યું હતું. બાળકીને સિટી સ્કેન કરતી વખતે ઈન્જેક્શનના ઓવર ડોઝ આપવામાં આવ્યા હતા તેવા આક્ષેપો કરવામાં આવતાં અઠવા પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ભરૂચના સીતપોણ ગામ ખાતે ઈમરાનભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને તેઓ પ્લમ્બરિંગનું કામ કરે છે. તેમની 6 વર્ષીય પુત્રી સફાને કાનમાં સાંભળવાની તકલીફ થતી હોવાથી સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ આવ્યા હતા.

જ્યાં તપાસ બાદ સફાને સિટી સ્કેન માટે રિંગ રોડ ખાતે આવેલી સીનર્જી ઈમેજીન સેન્ટર ખાતે લઈ જવામાં આવી હતી. સિટી સ્કેન કરતા સમયે જ મશીનમાં સફા બેભાન થઈ જતાં તેને તાત્કાલિક સારવાર માટે નજીકની નિર્મલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે સફાને મૃત જાહેર કરી હતી. સીનર્જી ઈમેજીનમાં સિટી સ્કેન કરતી વખતે આપવામાં આવેલા ઈન્જેક્શનના ઓવરડોઝના કારણે સફાનું મોત નીપજ્યું હોવાની પરિવારે શંકા વ્યક્ત કરતાં અઠવાલાઈન્સ પોલીસને જાણ કરવામાં આવી હતી.

ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાયેલા વૃદ્ધ દંપતીને આરપીએફ જવાને બચાવ્યું

વૃદ્ધ દંપતી જયપુર-પુણે એક્સપ્રેસમાં સુરતથી કલ્યાણ જવા નીકળ્યું હતું

સુરતઃ મધરાત્રે સુરત રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નં.3 ઉપર ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે આવી ગયેલા વૃદ્ધ દંપતીને આરપીએફના જવાને દોડીને બચાવ્યા હતા.

સુરત રેલવે પોલીસના જણાવ્યા અનુસાર ઉધનામાં બીઆરસી ગેટ સામે હરિનગર-3માં રહેતા રજનીશકુમાર રામાશ્રય શ્રીવાસ્તવ (ઉં.વ.61) અને તેમનાં પત્ની શકુંતલાદેવી (ઉં.વ.59) સાથે ગત મધરાત્રે સુરત રેલવે સ્ટેશન પર આવ્યા હતા. તેઓને સુરતથી કલ્યાણ જવાનું હતું. જયપુર-પુણે એક્સપ્રેસમાં એસ-1માં અને એસ-2માં તેમની ટિકિટ રિઝર્વ હતી. રાત્રે દોઢેક વાગે જયપુર-પુણે એક્સપ્રેસ સુરત રેલવે સ્ટેશન પર આવી હતી. એ સમયે ટ્રેન શરૂ થઈ ગઈ ત્યાં સુધી દંપતીને કોચ મળ્યો ન હતો. આથી તેઓ ચાલતી ટ્રેનમાં ચઢવા ગયા હતા. ત્યારે પતિ-પત્ની બંનેનો પગ કોચના દાદર પરથી પગ સ્લિપ થઈ ગયો હતો. આથી તેઓ ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે આવી ગયા હતા. ત્યારે પ્લેટફોર્મ પર ફરજ બજાવતા આરપીએફના એએસઆઈ ઈસરાર બેગે તરત જ દોડીને પતિ-પત્ની બંનેને ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચેથી બહાર કાઢ્યાં હતાં.

સુરત રેલવે સ્ટેશન પર ટ્રેનોનો હોલ્ટનો સમય ઓછો હોવાથી આવી ઘટના બને છે

સુરત રેલવે સ્ટેશન પર ટ્રેનોનો હોલ્ટનો સમય ઓછો હોવાથી આવી ઘટના બને છે. મોટા ભાગની ટ્રેને ત્રણથી 5 મિનિટ માટે જ થોભે છે. તેની સામે પ્રવાસીઓની સંખ્યા પણ વધારે હોય છે. આથી 2થી 5 મિનિટનો સમય પણ ઓછો પડે છે. જ્યારે સુરતથી ઓછા ટ્રાફિકવાળાં રેલવે સ્ટેશનો જેવા કે વડોદરા, આબુ, રાજકોટ, નંદુરબારમાં પણ 10 મિનિટથી વધુ સમય માટે ટ્રેનો થોભે છે.

SVNITના પદવીદાન સમારંભ માટે સુરત આવેલા રાષ્ટ્રપતિ મુર્મુનું સુરત એરપોર્ટ પર કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશ, મેયર દક્ષેશ માવાણી સહિતના આગેવાનો દ્વારા અભિવાદન કરાયું હતું. **(તસવીરઃ સતીષ જાદવ)**

વરાછાના નાકરાણી પરિવારની દીકરીએ મેથેમેટિક્સના વિષય સાથે MSCમાં ગોલ્ડ મેળવ્યો

મેથેમેટિક્સના અભ્યાસ સાથે સિવિલ સર્વિસ એક્ઝામની તૈયારી સાથે કરી રહી છું, સરકારી નોકરી પ્રાપ્ત કરી લોકસેવા કરવાનું સપનું છે: ધ્રુવી નાકરાણી

સુરતઃ મૂળ ભાવનગરના ઉંચડી ગામના વતની અને હાલ સુરતના વરાછા વિસ્તારના પુણાગામની દીકરી ધ્રુવી નાકરાણીએ સુરતની પીપલોદસ્થિત એસવીએનઆઇટી કોલેજમાં મેથેમેટિક્સના વિષય સાથે એમ.એસ.સી.માં અભ્યાસ કરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. જેમને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે પ્રમાણપત્ર અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થતાં ગામ અને પરિવારનું નામ રોશન કર્યું હતું.

સામાન્ય પરિવારની દીકરી ધ્રુવી નાકરાણીએ જણાવ્યું હતું કે, મારા પિતા હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. નાનપણથી જ ભણવામાં હોંશિયાર હોવાથી પરિવારે ભણીગણીને ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રેરિત કરી હતી. સુરતની એસવીએનઆઇટી કોલેજમાં મેથેમેટિક્સના વિષય સાથે એમ.એસ.સી.નો અભ્યાસ શરૂ કર્યો હતો, જ્યાં શિક્ષણમાં નિપૂણ અધ્યાપકો દ્વારા શિક્ષણ પ્રાપ્ત થતાં અભ્યાસમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે. હાલ ધ્રુવી મેથેમેટિક્સ ક્ષેત્રે પીએચ.ડી.નો અભ્યાસ કરી રહી છે. સાથે સાથે સિવિલ સર્વિસ એક્ઝામની તૈયારી કરી રહી હોવાનું જણાવ્યું હતું.

રાષ્ટ્રપતિના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત થતા ખેડૂત પિતાનું સ્વપ્ન પૂર્ણ થયું

સુરતઃ મૂળ કેરલના વતની અને છેલ્લા ૨ વર્ષથી સુરતની SVNIT કેમ્પસમાં રહી આદર્શ ઉન્નીએ M.Tech - માસ્ટર ઓફ ટેક્નોલોજી વિદ્યાશાખામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. SVNITના ૨૦માં દિક્ષાંત સમારોહમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત થતા ખેડૂત પિતાનું સ્વપ્ન પૂર્ણ થયું હતું. આદર્શ ઉન્નીએ જણાવ્યું હતું કે, સુરતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સિટી પ્લાનિંગ અમેઝિંગ છે. સુરત માટે એક અનેરો નાતો બંધાયો છે. સુરત એ ફેસ્ટિવલનું શહેર છે. મોજીલા સુરતવાસીઓ અને સુરત હંમેશા યાદ રહેશે.

'હેલ્થ એન્ડ વેલનેસ' તથા 'ફૂડ એન્ડ એગ્રીટેક' એક્સ્પોમાં 3 દિવસમાં 21,000 મુલાકાતી આવ્યા

ફૂડ એન્ડ એગ્રીટેકમાં બીટુબી સેગ્મેન્ટના સ્ટોલધારકોને સારી ઇન્ક્વાયરી મળી

બીટુસીમાં રિટેઇલ કાઉન્ટરમાં એક્ઝિબિટર્સને સારો બિઝનેસ મળ્યો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'હેલ્થ એન્ડ વેલનેસ એક્ષ્પો- ૨૦૨૪' અને 'ફૂડ એન્ડ એગ્રીટેક- ૨૦૨૪' એક્ઝિબિશનનું આજે સમાપન થયું હતું. જેમાં શહેરીજનોનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. 'એક્ષ્પો'માં 3 દિવસમાં 21,000 વિઝીટર્સ આવ્યા હતા.

ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પોમાં ભાગ લેનારાને રિટેઇલમાં સારી ઓફરને કારણે ઘણો લાભ થયો હતો. કંપનીઓને ફ્રેન્ચાઈઝી અને ડીલર્સ માટેની ઈન્ક્વાયરી પણ જનરેટ થઈ હતી. સાથે જ ડિલરોને વિવિધ કંપનીઓ તરફથી સીધી ઓફર થઇ હતી.

હેલ્થ એન્ડ વેલનેસ એક્ષ્પોમાં ડોનેટ લાઇફના માધ્યમથી ચેમ્બરના પ્રમુખ રમેશ વઘાસિયા, ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ઓલ એક્ઝિબિશન્સ ચેરમેન બિજલ જરીવાલા તથા પૂર્વ પ્રમુખો અમરનાથ ડોરા અને રૂપીન પચ્ચીગર સહિત 125 થી વધુ શહેરીજનોએ અંગદાનના સંકલ્પ પત્ર ભર્યા હતા. આથી પ્રદર્શનમાં પ્રથમ દિવસે 5252, બીજા દિવસે 11,200 અને ત્રીજા દિવસે 4540 લોકોએ પરિવારની સાથે મુલાકાત લીધી હતી. આમ ત્રણ દિવસમાં કુલ 20,992 જેટલા લોકોએ પ્રદર્શનની મુલાકાત લઇને ખરીદી કરી હતી.

ડિંડોલીમાં ત્રીજા માળેથી પટકાયેલી વિદ્યાર્થિનીનું મોત, આત્મહત્યાની સંભાવના

સુરતઃ ડિંડોલીમાં ત્રીજા માળેથી નીચે પટકાયેલી વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું હતું. વિદ્યાર્થિની રહસ્યમય સંજોગોમાં નીચે પટકાતા તેણીએ આત્મહત્યા કરી કે અકસ્માતે નીચે પડી તે બાબતે રહસ્ય સર્જાયું છે. આવતા મહિનામાં વિદ્યાર્થિનીએ ધોરણ-10 બોર્ડની પરીક્ષા હતી.

મૂળ બિહારના અને હાલ ડિંડોલીના રાધા સ્વામી નગરમાં રહેતા સુરેન્દ્ર કુમાર જાનકીસિંગ પાંડે કાપડ મિલમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પુતુલ કુમારી (17 વર્ષ) નામની તેમની દીકરી ઘર પાસે આવેલ જ્ઞાનભારતી સ્કૂલમાં ધોરણ-10માં અભ્યાસ કરતી હતી. તે રવિવારે મધરાત્રે 12 વાગ્યાના સુમારે ત્રીજા માળેથી નીચે પડી જતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ કેસની તપાસ કરતા પીએસઆઇ વી.એમ.મકવાણાએ જણાવ્યું હતું કે કે તેઓનું રહેવાનું પહેલા માળે છે અને તે યુવતી ત્રીજા માળે કેમ ગઈ તે સવાલ છે. મધરાત્રે પુતુલ કુમારી ત્રીજા માળેથી નીચે પડે છે તેનો મતલબ આત્મહત્યા કરી હોય તે વાતને નકારી શકાય તેમ નથી. પુતુલ કુમારીની માતાએ જણાવ્યું હતું, પુતુલ કુમારી રાત્રે બાથરૂમ જવાનું કહીને ગઈ હતી. ત્યારબાદ ખબર પડી કે તે ત્રીજા માળેથી નીચે પડી ગઈ હતી.

આજે માઘી ચોથ: ગણેશજીનો જન્મદિવસ ઉજવાશે

શ્રી ગણેશજીનો પ્રથમ યુગાવતાર સતયુગમાં થયો હોવાનું હિંદુ ધર્મોના શાસ્ત્રોમાં વર્ણન કરવામાં આવ્યું છે

બાલાજી રોડ સ્થિત ખાતે મુંબઈથી લાવેલી ગણેશ પ્રતિમાને ભક્તોના દર્શનાર્થે મૂકવામાં આવશે

સુરતઃ આવતીકાલે મંગળવારે મહાસુદ ચોથ એટલે માઘી ગણેશોત્સવ છે. આ દિવસે ગણેશજીનો જન્મદિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. તેને શ્રી મહોત્કટ વિનાયક જન્મોત્સવ કહેવાય છે. શહેરમાં અનેક ગણેશ ભક્તોમાં જન્મદિનને ઉત્સાહ દેખાઈ રહ્યો છે. શાસ્ત્રોમાં વર્ણન અનુસાર સતયુગમાં ગણેશજીએ મહર્ષિ કશ્યપ અને દેવી અદિતિના આશ્રમમાં મહોત્કટ વિનાયક રુપે જન્મ લીધો હતો. ત્યારથી આ ગણેશોત્સવ મનાવવાની પરંપરા ચાલતી આવી છે.

શ્રી ગણેશનો પ્રથમ યુગાવતાર સતયુગમાં થયો હોવાનું હિંદુ ધર્મોના શાસ્ત્રોમાં વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ પૂજનીય દેવ ગણેશજીએ મહર્ષિ કશ્યપ અને દેવી અદિતિના આશ્રમમાં મહોત્કટ વિનાયક રુપે જન્મ લીધો હતો. તેનું વર્ણન ગણેશ શાસ્ત્ર અનુસાર સુવર્ણ પીડા રંગનું શરીર, દસ હાથ અને તેમનુ વાહન સિંહ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે. આગામી મંગળવાર 13 ફેબ્રુઆરીએ મહા સુદ ચોથ માઘી ગણેશોત્સવને ગણેશજીના જન્મદિન તરીકે ઉજવાય છે. શહેરમાં બાલાજી રોડ ખાતે બાલાજી વોરિયર ગ્રુપના સભ્યો એક દિવસ માટે ગણપતિની પ્રતિમાની સ્થાપના કરશે, સવારે હવન અને રાત્રે ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગણેશજીના દર્શન ભક્તો માટે આ દિવસે ખુલ્લા મુકવામાં આવશે. મુંબઈથી ખાસ ગણેશજીની પ્રતિમાનું આગમન પણ શનિવારે બાલાજી રોડ ખાતે વાજતે ગાજતે કરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ વર્ષથી બાલાજી વોરિયર ગ્રુપ ગણેશજીનો જન્મદિન ઉજવે છે તેવી માહિતી આયોજક સર્વિન માસ્તરે આપી હતી.

મહોત્કટ વિનાયકરૂપે અવતરેલા ગણેશજીનું સ્કેય પાલ સિદ્ધિ વિનાયક મંદિરમાં મુકાશે

સુરતના પાલ પાટીયા સ્થિત સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરમાં ભવ્યાતિભવ્ય ગણેશ યાગ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. વધુ માહિતી આપતા મેનેજિંગ ટ્રસ્ટી નિતીન મહેતાએ જણાવ્યું હતું કે મંગળવારે અંગારકી વિનાયક ચતુર્થી અત્યંત શુભ યોગ સર્જાવાનો છે, કેમ કે આ દિવસે દેવાધિદેવ, વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણપતિ બાપ્પાનો પ્રાગટ્ય દિન છે. સુવર્ણ પીડા રંગનું શરીર, દસ હાથ અને તેમનુ વાહન સિંહની કલ્પના કરીને તૈયાર થયેલું આ સ્કેય પાલ સ્થિત સિદ્ધિ વિનાયક મંદિરમાં ભક્તોને દર્શન માટે મુકવામાં આવશે. વધુમાં અંકિત ભાઈ આ દિવસે માઘી ગણેશઉત્સવની જાણકારી મંદિરમાં આવનારા ભક્તોને વિગતવાર આપશે.